ભારત સરકારના પ્લાનીંગ કમિશનરના આદેશ મુજબ નવોદય સ્કુલની પેટર્ન મુજબ ઉંચી ગુણવત્તાવાળી નિવાસી શાળા ચલાવવા અંગે..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : નશઅ/૧૦૨૦૦૬/ન.બા-૩/(૧૫૬૩)ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૪/૨૦૦૭
2 4 APR 2007

વંચાણે લીધા :-

૧. ભારતના સરકારના તાઃ૨૨/૦૯/૦૬ની પત્ર ક્રઃડીઓ/નં-એમ-૧૩૦૫૬/૩૭/૨૦૦૬/એસ.સી.એસ.પી એન્ડ ટી એસ.પી.
૨. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ,નો તાઃ૩૦/૧૨/૨૦૦૬નો પત્ર ક્રમાંકઃ ટીડી/અનશ/૨૦૦૬/૨૯૩૪

ઠ રા વ :-

રાજયના સૌથી પછાત વિસ્તારમાં કે જયાં અનુ. જાતિ અને અનુસુચિત જનજાતિની વસ્તી હોય તેવા વિસ્તારોમાં, R.S.V.Y રાષ્ટ્રિય સમ વિકાસ યોજના હવે (B.R.G.F) બેકવર્ડ રીજીયન્સ ગ્રાન્ટ ફંડ)ની ગ્રાન્ટ માંથી નવોદય પ્રકારની શાળાઓ સ્થાપવા, કે, જેમાં ધોરણ-૧ થી ૧૨ ની શિક્ષક----અને દરેક પ્રકારની સુવિધાઓની બાબતનો સમાવેશ હોય તેવી નવોદય સ્કુલની પેટર્ન મુજબ ઉંચી ગુણવત્તા વાળી ૬, નિવાસી શાળા ચલાવવા અંગે કુલ રૂા.૬૦૦ લાખનો વર્ષ ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમુખ(૧) માં જણાવેલ ભારત સરકારના પ્લાનીંગ કમિશનરના પત્ર અન્વયે સચિવશ્રી (આ.વિ ) ના અધ્યક્ષ સ્થાને તાઃ૨૭/૧૧/૦૬ના રોજ ઉચ્ચ અધિકારીઓની બેઠક મળેલ અને આમુખ(૨) માં જણાવ્યા મુજબ હાલમાં ભારતના બંધારણની કલમ-૨૭૫(૧) ની જોગવાઇ હેઠળ તેની ગાઇડલાઇન્સ મુજબ કુલ -૮ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલો કાર્યરત છે અને હવે નવોદય પેટર્ન મુજબની ડાંગ ,પંચમહાલ,દાહોદ,નર્મદા ,સાબરકાંઠા,અને બનાસકાંઠા એ ૬(છ) જિલ્લાની સ્કુલો ચાલુ કરવા માટેની યોજનાપ્રથમ તબકકે હાથ ધરાનાર હોઇ આ વિધાલયો આદિજાતિ વિકાસ વિભાગની ધી.ગુ.રા.ટ્રા.ડે.રે એ ઇ સોસાયટી મારફત ચલાવવા માટે સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે. જે માટે બજેટ જોગવાઇ મુજબ કુલ રૂપિયા ૬૦૦.૦૦ લાખની નવી બાબત ને મંજૂરી આપવામાં આવે છે.

નવોદય પેટર્ન મુજબ ૬-જિલ્લામાં રેસિડેન્શિયલ સ્કુલ ઉભી કરવા માટે સદર શાળાઓના વહીવટ માટે નિમેલ ધી.ગુ.રા.ટ્રાઇ રે.એ.ઇ. સોસાયટી ને સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ શાળાદીઠ મહેકમ પગાર નીચે દર્શાવ્યા પ્રમાણે ફિકસ પગારમાં જગાઓ ઉભી કરવા અને ભરવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્ર | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યા ભરવાની વિગત | |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૧ | રૂા.૧૮,૦૦૦/- | માસિક ફિકસ |
| ૨ | પ્રાથમિક શિક્ષક | ૨ | રૂા.૮૦૦૦/- | " |
| ૩ | વોર્ડન | ૧ | રૂા.૪૫૦૦/- | " |
| ૪ | હેડકલાર્ક | ૧ | રૂા.૩૫૦૦/- | " |
| ૫ | સીની કલાર્ક | ૧ | રૂા.૨૫૦૦/- | " |
| ૬ | જૂની કલાર્ક | ૧ | રૂા.૨૫૦૦/- | " |
| ૭ | પટાવાળા | ૧ | રૂા.૧૫૦૦/- | " |

ઉપરોકત જગ્યાઓ ધી. ગુ.રા.ટ્રાઇ.રે.એ.ઇ સોસાયટી દ્વારા જે પધ્ધતિ નિયત કરવામાં આવેલ હોય તે પધ્ધતિ મુજબ જગ્યાઓ ભરવાની શરતને આધિન મંજૂર આપવામાં આવે છે.

આ ફીકસ પગાર થી ભરવાની થતી જગ્યાઓ વધે તો આ સ્કીમ પ્રમાણે મહેકમની પેટર્ન હોયતો નાણા વિભાગની મંજૂરી મેળવીને જગ્યાઓ ઉભી કરવાની રહેશે.

આ જગ્યાઓની ભરતી સરકારશ્રી ના પ્રર્વતમાન નિયમો, નિતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

યોજનાને લગતી શરતો નીચે મુજબ રહેશે :

(૧) આ યોજના અંગેનું ખર્ચ તા:૧/૪/૦૭થી કરવાનું રહેશે.

(૨) સને ૨૦૦૭-૦૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ સ્કીમ પ્રમાણે મહેકમની પેટર્ન હોવી જોઇએ તેથી જો મહેકમની પેટર્ન હોય તો નાણા વિભાગની મંજૂરી મેળવીને જગ્યાઓ ઉભી કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નવી બાબતની માંગણી ક્રમાંકઃ ૯૬, આયોજન મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ,આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ,પેટા મુખ્ય સદર :૦૨,અનુ.જનજાતિઓનું કલ્યાણ,ગૌણ સદર-૭૯૬- આદિજાતિ પેટા યોજના પેટા સદર બીસીકે-૧૮૦, એકલવ્ય મોડલ રેસિડેન્શ્યલ સ્કુલ હેઠળ થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી (ખર્ચ)નાણા વિભાગની તાઃ૩૧/૦૩/૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Bhatt
(બી.એચ. ભટ્ટ)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર

નકલ રવાનાઃ-
માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
સર્વ નાયબ સચિવશ્રીઓ, આ.વિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ રાજકોટ,
નિયામકશ્રી હિસાબી, અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વ શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ.
RAVAL-NSA-102006-N-BA-3-(1563)-GH